વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી

# નવસારી કૃષિ યુનિવર્સિટી

એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦

ફોન : ૦૨૬૩૭–૨૮૨૦૨૬, ફેકસ : ૦૨૬૩૭–૨૮૨૭૦૬ e-mail: dee@nau.in, Website: www.nau.in


**વંચાણે:**–તા.૧૮/૦૭/૨૦૧૪ના રોજ મળેલ વિસ્તરણ શિક્ષણ પરિષદની છઠ્ઠી બેઠકની કાર્યવાહીની કાર્યનોંધ
જા.નં.નકૃયુ/વિશિનિ/વિશિપ/ટી.૧/૩૭૯૦–૩૮૧૩/૨૦૧૪, તા.૦૧/૦૮/૨૦૧૪.

## –: જાહેરનામું :–

આથી નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ કૃષિ વૈજ્ઞાનિકો અને યુનિટ/સબ યુનિટના વડાઓને જણાવવાનું કે, **ગુજરાતી ભાષામાં પ્રસિધ્ધ થતાં કૃષિ વિષયક લેખો તેમજ કૃષિ શિક્ષણ પ્રદર્શનાલય અને કૃષિમેળાઓમાં પ્રદર્શિત કરવામાં આવતા પેનલ ચાર્ટસની માહિતી સંબંધિત વિષય નિષ્ણાંત પાસે ચેક કરાવ્યા બાદ જ પ્રકાશિત/પ્રદર્શિત કરવા બાબતે** અત્રેની કૃષિ યુનિવર્સિટીની વિસ્તરણ શિક્ષણ પરિષદની તા.૧૮/૭/૨૦૧૪ના રોજ મળેલ છઠ્ઠી બેઠકના મુદ્દા નંબરઃ૬.૪ ની કાર્યનોંધ પ્રમાણે નીચે પ્રમાણે ઠરાવવામાં આવેલ છે.

" આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટીના પ્રાધ્યાપકો/વૈજ્ઞાનિકો/વિસ્તરણ શિક્ષણશાસ્ત્રીઓ દ્વારા ગુજરાતી ભાષામાં પ્રસિધ્ધ કરવામાં આવતા કૃષિ વિષયક લેખો તેમજ કૃષિ શિક્ષણ પ્રદર્શનાલય અને કૃષિમેળાઓમાં પ્રદર્શિત કરવામાં આવતા પેનલ ચાર્ટસની માહિતી સબંધિત વિષય નિષ્ણાંત/સંશોધન વૈજ્ઞાનિક પાસે ચેક કરાવ્યા બાદ જ પ્રકાશિત/પ્રદર્શિત કરવાની રહેશે. તેવી જ રીતે યુનિવર્સિટીની વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવતી માહિતી જે તે વિભાગના વડાએ સમયાંતરે અપડેટ કરવાની રહેશે. જુની અને/અથવા ખોટી માહિતીના પ્રકાશન/પ્રદર્શન માટે જે તે લેખક/વિભાગની અંગત જવાબદારી રહેશે અને તે માટે યુનિવર્સિટીના નિયમાનુસાર સક્ષમ અધિકારી પગલાં લઈ શકશે."

ઉપર જણાવેલ વિગતોથી સંપૂર્ણ માહિતગાર થઈ ચૂસ્તપણે તેની અમલવારી કરવાની રહેશે.

સદર જાહેરનામું માન. કુલપતિશ્રીની આજ્ઞાનુસાર બહાર પાડવામાં આવે છે.

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

નવસારી.
તારીખઃ ૦૮/૦૮/૨૦૧૪.

જા.નં.નકૃયુ/વિશિનિ/વિશિપ/ટી.૧/વેબ. ૩૦/૨૦૧૪.
નવસારી. તારીખઃ૦૫/૦૮/૨૦૧૪.

<u>નકલ જયભારત સહ રવાનાઃ</u>–
અત્રેની કૃષિ યુનિવર્સિટીના તમામ કૃષિ વૈજ્ઞાનિકો અને યુનિટ/સબ યુનિટના વડાઓ તરફ જાણ તથા ઘટતું થવા સારું.